HARIRAJ
CHARITABLE TRUST

# Annual Report
# વાર્ષિક અહેવાલ
# 2010-11



**Informing**

Dear Friends,

As we write this message, there is much change and promise of progress and development around us. Credibility and the impact it makes on any program or movement, to bring about change and transformation, is time consuming. These and many other proven track records of Hariraj Charitable Trust, not only establishes its credibility but also has sown the seeds of change and impact.

We expect rapid growth in all areas, as the development sector continues to do its best for bringing about social change in India. Joining hands encourages volunteers to contribute their time, skills and energies to enhance the work being carried out at the grass root level.

We would like to thank all our committed volunteers, partner NGOs, supporters, trainees and the joining hands team for all their hard work and dedication.

Please send us your suggestions, comments and response for this annual report.

**Team Hariraj**

**નિવેદન**

મિત્રો

જયારે આ સંદેશ લખી રહયા છીએ ત્યારે આપણી આસપાસ ઘણા બધા બદલાવની સાથે પ્રગતિ અને વિકાસ જોઈ રહયા છીએ. કોઈપણ કાર્યક્રમ કે ચળવળ દ્વારા થતા બદલાવની વિશ્વસનીયતા અને અસર સમય માંગી લે તેવી હોય  છે. સંસ્થાની ઉતરોતર પ્રગતિનોંધથી માત્ર વિશ્વસનીયતા ઉભી નથી થઈ પણ આ માટે સંસ્થાએ પરિવર્તનના બીજનું વાવેતર પણ કરેલ છે.

ભારતમાં સામાજીક પરિવર્તન માટે જેમ વિકાસ વિભાગો સતત કામ કરી રહયા છે તેનાથી આપણે સૌ બધાજ વિસ્તારોમાં ઝડપી વિકાસ ઇચ્છીએ છીએ. સૌ સાથે મળીને કામ કરીએ એ વાત સ્વૈચ્છિક કાર્યકર્તાઓને સ્થાનિક સ્તરે કામ કરવા માટે તેમનો સમય, કુશળતા અને તાકાત બનાવવા માટે પ્રોત્સાહીત કરે છે.

અમે આ તકે બધાજ પ્રતિબધ્ધ સ્વૈચ્છિક કાર્યકર્તાઓ, સાથી સંસ્થાઓ, સહયોગીઓ, તાલીમાર્થીઓ કે જેઓએ સંસ્થાની ટીમને સહયોગ કર્યો છે તે તમામનો આભાર માનીએ છીએ.

આપની સમક્ષ મૂકેલ વર્ષ ૨૦૧૦–૧૧ ના આ વાર્ષિક અહેવાલ અંગે આપના સુચનો, ટીકા ટીપ્પણી તેમજ પ્રતિભાવો મોકલી આપવા વિનંતી છે.

હરીરાજ ટીમ



## Executive Summary

During the establishment of organisation it is decided that organisation working with objective to improve the situation of health and education in Amreli district as per founders thought and vision. Among it work started on reproductive and child health and primary education. Due to shortage of fund we can't go ahead in reproductive and child health program and we are thinking to stop our work on primary education to keeping mind the competition in field of primary education.

After 7 years of establishment we were discussed to join organisation in livelihood work and started women's vocational training, organization also undertook the activities like Shelter for Agariya who are living on costal area and also undertook the activities of renovation of historical places and educational research.



Organization started work on Natural Resource Management, for self-employment formation of Self Help Groups, their linkages with Bank and skill development training with our experiences of last two years. Those are the three main activities in the year 2010-11.

## પ્રસ્તાવના

સંસ્થાની સ્થાપના વખતે સ્થાપકોના વિચારો અને દ્રષ્ટિ અનુસાર અમરેલી જીલ્લામાં આરોગ્ય અને શિક્ષણના કાર્યમાં સુધાર આવે તેવા હેતુઓને ધ્યાનમાં લઈ કામગીરી કરવાનું નક્કિ થયું હતુ. જેમાં પ્રજનન અને બાળ સ્વાસ્થ્ય તથા પ્રાથમિક શિક્ષણનું કાર્ય શરૂ થયુ હતુ. પ્રજનન અને બાળ સ્વાસ્થ્યના કાર્યમાં પુરતી આર્થિક વ્યવસ્થાના અભાવે આગળ વધી શકયા નહી જયારે પ્રાથમિક શિક્ષણમાં હાલમાં ચાલતી હરિફાઈને ધ્યાનમાં રાખી તેની વ્યવસ્થાઓ પણ યોગ્ય રીતે જળવાય નહી જેથી આ કામગીરીને હાલમાં ચાલુ રાખવી ઉચિત નહી સમજતા તેને બંધ કરવાની બાબતો પર ચર્ચા ચાલી રહી છે.

સ્થાપનાના સાતેક વર્ષ બાદ રોજગારલક્ષી કાર્યોમાં જોડાવા ચર્ચા થઈ અને બહેનો માટેની વ્યવસાયિક તાલીમો શરૂ કરી, દરિયાકાંઠાના વિસ્તારમાં વસતા અગરિયાઓ માટેના આવાસ બનાવવા, ઐતિહાસિક સ્મારકોના સમારકામ તથા શૈક્ષણિક સંશોધન જેવી કામગીરી પણ સંસ્થા દ્વારા હાથ ધરાઈ.

સંસ્થાએ તેમના અનુભવોને ધ્યાનમાં રાખી છેલ્લા બે વર્ષથી કુદરતી સંશાધનોની જાળવણી તથા સ્વરોજગારીના સંદર્ભે સ્વસહાય જુથોની રચના અને તેના બેંક જોડાણ અને કૌશલ્ય વર્ધક તાલીમો અને રોજગારી પુરી પાડવા સંબંધી કામગીરી હાથ ધરી છે. જેમાં વર્ષ ૨૦૧૦–૧૧માં આ ત્રણ પ્રવૃતિઓ મુખ્ય રહી હતી.

## Programs

### General Health Awareness

Team of organisation doing activities related to health with keeping mind misbelieves of tribal people in Dharampur. As organisation experience of work on HIV/AIDS and reproductive and child health, during the field visit and meeting with target group the team of organisation share information about HIV/AIDS and reproductive and child health as per their understanding. They are also try to remove misbelieves of tribal people.



## કાર્યક્રમો

### આરોગ્ય અંગે જાગૃતતા

સંસ્થાની ટીમ ધરમપુર ખાતે આદીવાસી લોકોમાં રહેલ અંધશ્રધ્ધા અને ગેરમાન્યતાઓ ને ધ્યાનમાં રાખી આરોગ્યને લગતી પ્રવૃતિ પણ કરે છે. જેમાં એચ.આઈ.વી એઈડસ અને પ્રજનન બાળ સ્વાસ્થ્ય પર કાર્ય કરવાના સંસ્થાના અનુભવના આધારે તેમજ તે અંગે રહેલી કાર્યકરોમાં સમજનાં આધારે તેઓ પોતાની ક્ષેત્રિય મુલાકાત દરમિયાન લક્ષિત સમુહ સાથેની બેઠકોમાં લોકોને એઈડસ અને પ્રજનન તથા બાળ સ્વાસ્થય અંગે માર્ગદર્શન આપી તેમાં રહેલી અંધશ્રધ્ધા દુર કરવા માટેનાં પ્રયત્ન કરે છે.

### Primary Education and Child Right

*Primary Education*

Education is the basic and compulsory component in today's competitive era. We are working through Sardar Vidhyalaya to provide primary education to the children. Sardar Vidhyalaya was established in year 1998 at Damanagar block Lathi. In Sardar Vidhyalaya primary education of std. 1 to 7 was given to the children but due to less no. of student in std.1 to 4 we have to close these standards in this year. We tried to provide knowledge of content with their personality development. We gave education of value to make stronger their primary base of life but due to less no. of student we found necessity of evaluation of our work. We got suggestion to close the school and to do activities like awareness spreading among people about education and work related to education.

### પ્રાથમિક શિક્ષણ અને બાળઅધિકાર

**પ્રાથમિક શિક્ષણ**

આજના સ્પર્ધાત્મક યુગમાં શિક્ષણ એક જરૂરી અને ફરજીયાત અંગ બની રહયું છેં. બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવાનું કાર્ય સરદાર વિદ્યાલય મારફતે ચાલી રહયું છે. સરદાર વિદ્યાલયની સ્થાપના ૧૯૯૮માં લાઠી તાલુકાના દામનગર ખાતે કરવામાં આવી હતી. અહી બાળકો ને ૧ થી ૭ ધોરણ નું શિક્ષણ આપવામાં આવતુ હતું પરંતુ આ વર્ષે ધોરણ ૧ થી ૪ માં સંખ્યા ન મળવાના કારણે બંધ કરેલ છે. બાળકોનો પ્રાથમિક પાયો મજબુત બને તેમજ તેને તમામ વિષય વસ્તુનું જ્ઞાન મળે અને આ જ્ઞાનના આધારે તેઓ પોતાનામાં રહેલી કુશળતા ને ઓળખી પોતાના વ્યકિતત્વનો વિકાસ કરી અને જીવનમાં આગવી પ્રગતિ કરી શકે તેવા પ્રયત્ન આ વર્ષમાં રહયા છે. પરંતુ સંખ્યા જળવાઈ રહેલ ન હોવાથી આ શિક્ષણકાર્યને આગળ ચલાવવા બાબતે મુલ્યાંકન કરવુ જરુરી લાગતા શાળા બંધ કરી લોકોમાં તે અંગે જરુરી જાગૃતિ આવે તેવી પ્રવૃતિઓ હાથ ધરવા સૂચનો મળેલ છે.

### *Child Right*

Competition is raise in everywhere In this competitive era. To struggle in this competition education is one of the necessary compulsory medium but though every children of the society do not get education. Some of the family lives in below poverty line so they can't afford their children's education expense and thus they send their children to labour work. They become child labour instead of getting their basic right of education. Organization try to provide basic right of education through providing 400 education kits to those children whose family situation is not well. We took support of Self Help Groups which are formed by organization in village of Khambha block like Chakrava, Khadadhar, Vakiya, Dadhiyali, Dedan, Lasa, Nanudi, Bhad etc.

### બાળઅધિકાર

આજના સ્પર્ધાત્મક યુગમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા વધી છે. આ સ્પર્ધામાં ટકી રહેવા માટે શિક્ષણ એક જરૂરી અને ફરજીયાત માઘ્યમ બની રહયું છે. પરંતુ તેમ છતા દરેક બાળકો આજે શિક્ષણ પ્રાપ્ત કરી શકતા નથી. અમુક કુંટુંબો ગરીબ પરિસ્થિતીમાં પોતાનુ જીવન જીવતા હોય છે તેથી તેઓ પોતાના બાળકોના શિક્ષણ પાછળ પૈસા ખર્ચ કરી શકતા નથી આ માટે તેઓ પોતાના બાળકોને ભણાવવાને બદલે મજુરીએ મોકલે છે. આથી આવા બાળકો શિક્ષણના અધિકારથી વંચિત રહે છે. આથી આ બાબતને ઘ્યાનમાં રાખીને સંસ્થા દ્વારા ખાંભા તાલુકાના ચક્રાવા, ખડાધાર, વાંકિયા, દાઢીયાળી, ડેડાણ, લાસા, નાનુડી, ભાડ, વગેરે ગામોમાં સંસ્થાએ કાર્યરત કરેલા સ્વસહાય જુથો મારફતે જે બાળકો ગરીબ કુંટુંબના છે તેવા ૪૦૦ જેટલા બાળકોને સ્કુલ શૈક્ષણિક કિટ આપવામાં આવી. તેઓ શિક્ષણ પ્રાપ્ત કરી પોતાના તમામ અધિકારો મેળવે તેવા પ્રયત્ન આ વર્ષમાં કરવામાં આવ્યા હતા.





## Generate self-employment and micro finance

### *Self Help Groups*

Organisation started it work from last two years in 23 interior Gir Villages of Khambha block in Amreli district for formation of Self Help Groups. Geographical area of Khambha is mountainous and main occupations for livelihood of people are farming and animal husbandry. People are illiterate or little knowledge of study. Mainly population of Prajapati, Ahir,

## સ્વરોજગારી અને લઘુ ધિરાણ

### સ્વસહાય જુથો

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં છેવાડાના ગીર ગ્રામ્ય વિસ્તારના ૨૩ ગામોમાં સંસ્થાએ છેલ્લા બે વર્ષથી લોકો સાથે મળી સંગઠનો બનાવવાનું કાર્ય હાથ ધર્યુ. ખાંભા તાલુકાનો ભૌગોલિક વિસ્તાર ડુંગરાળ છે. ખેડુતોનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને ખેતી છે. મોટાભાગે લોકો અભણ અથવા ઓછુ ભણેલા છે. ખાંભા તાલુકામાં વસવાટ કરતા લોકોમાં મુખ્યત્વે પ્રજાપતી, આહિર, પટેલ અને કાઠી દરબાર તેમજ અન્ય જ્ઞાતિઓ છે જેની આર્થિક સ્થિતિ

Patel, Kathi and other casts and their economic condition is medium. We mostly found orthodox and misbelieves among people. Youth of this area migrated in big cities for livelihood. Hariraj identified needs of people and make small group and involve them in activities for livelihood option in this area. We formed 100 SHGs as table given below.

મધ્યમ છે. રૂઢીચુસ્તતા અને કુરીવાજો જોવા મળે છે. અહિના યુવાનો ધન કમાવા માટે બહાર મોટા શહેરોમાં સ્થળાંતર કરે છે.

હરિરાજ સંસ્થા દ્વારા આ વિસ્તારના લોકોની આજીવીકાના વિકલ્પો માટેની જરૂરીયાતને ધ્યાનમાં લઈ નાના સમુહો દ્વારા તેમને સંગઠીત કરવા પ્રવૃતિઓ શરૂ થઈ જેમાં કોષ્ટક મુજબની ગામવાર વિગતો અનુસાર ૧૦૦ સ્વસહાય જુથોની રચના થયેલ છે.

| No | Village name | Group | No | Village name | Group |
|---|---|---|---|---|---|
| 1 | Lasa | 9 | 13 | Umriya | 2 |
| 2 | Rabarika | 4 | 14 | Vishavadar | 1 |
| 3 | Tatniya | 16 | 15 | Pipariya | 2 |
| 4 | Pipalva | 4 | 16 | Talda | 2 |
| 5 | Chakrava | 3 | 17 | Salava | 3 |
| 6 | Khadadhar | 6 | 18 | Dadhiyali | 1 |
| 7 | Khambha | 19 | 19 | Bhad | 4 |
| 8 | Vankiya | 6 | 20 | Ingorala | 2 |
| 9 | Dhavadiya | 3 | 21 | Borala | 2 |
| 10 | Pachpachiya | 2 | 22 | Nanabarman | 1 |
| 11 | Chaturi | 1 | 23 | Motabarman | 2 |
| 12 | Dedan | 5 | | TOTAL | 100 |

Organisation regularly attended meetings and check the registers and record of groups. Whenever organisation found necessary it provides guidance to them. Organisation provides trainings to groups for administration, leadership and decision making.



આ તમામ જુથોના સભ્યો સાથે નિયમિત સંપર્ક તથા તેમના સંગઠનની બેઠકોમાં જરૂર જણાયે સંસ્થાનું માર્ગદર્શન તેમજ તેમના દફતરોની નિયમિત ચકાસણી કરવામાં આવે છે. આ તમામ વહિવટી બાબતો ઉપરાંત જુથોને નેતાગીરી / આગેવાની અને નિર્ણય પ્રક્રિયા સંબંધી તાલીમો કરવામાં આવી છે.

| No. of SHGs | Account with bank | 6 months old | Rating | Application for loan | Sanctioned loan | Loan pay | Refresher training | Hand holding |
|---|---|---|---|---|---|---|---|---|
| 97 | 94 | 51 | 46 | 7 | 1 | - | 51 | 9 |
| 3 | 5 | 12 | 17 | - | - | - | 12 | 22 |
| 100 | 99 | 63 | 63 | 7 | 1 | 0 | 63 | 31 |

## Training for skill development

*Computer Course*

We have been given Computer training to 30 women of Amreli during 7th Feb-11 to 5th March-11 for skill development in computer course. The main purpose of the training is that women will learn about computer so they can be able for their economic development through their skill in computer. They have little knowledge of computer but with this course they gain more knowledge and go ahead with this skill thus we got success in this initiative.



*Staff Training*

Mr. Dharmendra Maheta from our organisation attended a training on Good governance in volunteer organisation organised by National Institute of Public Cooperation and Child Development (NIPCCD) in Indore on 4th May 2010. Overall objectives of the training are how to work in project to get success. What are the responsibilities of staff in organisations work and how to do administrative work in good governance? Miss. Daya Jadav was participated in workshop on Human Right which was organised by Best Western Resort Delhi. She got understanding about Women empowerment and their right, Health right, feminism, advocacy,

## કૌશલ્ય વિકાસ માટે તાલીમ

**કોમ્પ્યુટર કોર્સ**

બહેનોના સ્કીલ ડેવલોપમેન્ટ માટે કોમ્પ્યુટર કોર્ષની તાલીમ ૭ ફેબ્રુઆરી–૧૧ થી ૫ માર્ચ–૧૧ દરમિયાન આપી હતી. આ તાલીમ અમરેલીની ૩૦ બહેનોને અપાઈ હતી. તાલીમ આપવા પાછળનો મુખ્ય હેતુ એ હતો કે બહેનો કોમ્પ્યુટરના ક્ષેત્રમાં કંઈક આગળ વધી અને પોતે પગભર બની અને આર્થિક વિકાસ કરી તેમા રહેલી કુશળતાને બહાર લાવી શકે તે ઉપરાંત તે લોકો કોમ્પ્યુટર વિશે થોડુ જ્ઞાન તો ધરાવતા હતા પરંતુ આ જ્ઞાનમાં તે વધારો કરી કોઈ ક્ષેત્રમાં આગળ વધી પોતાનુ ડેવલોપમેન્ટ કરી શકે તેવો ધ્યેય રહયો હતો. તેમાં અમને સફળતા પણ મળી છે. તેમાંથી ઘણી બહેનો કોમ્પ્યુટરના ક્ષેત્રમાં આગળ વધી અને આર્થિક રીતે પગભર બની શકી છે.



**સ્ટાફ તાલીમ**

તારીખ ૪/૦૫/૨૦૧૦ ના રોજ ઈન્દોર ખાતે નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પબ્લીક કોંઓપરેશન એન્ડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટરમાં સ્વૈચ્છીક સંગઠનમાં સુશાસનની જરૂરત બાબતે યોજાયેલ તાલીમમાં શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતા જોડાયા હતા. તે તાલીમનો મુખ્ય હેતુ એ હતો કે સંસ્થામાં ચાલતા તમામ પ્રોજેકટમાં કઈ રીતે કામગીરી કરી સફળતા મેળવી શકાય તેમજ સંસ્થાના કાર્યમાં સ્ટાફના સભ્યોની શું જવાબદારી છે. તેમજ સંસ્થાના સંચાલનમાં વહિવટી કામગીરી કઈ રીતે કરી શકાય તે બાબતો શીખ્યા હતા. તેવી જ રીતે દિલ્હી આયોજીત બેસ્ટ વેસ્ટર્ન રીસોર્ટ કાર્યશાળામાં માનવ અધિકાર અંતર્ગત તાલીમમાં કું. દયા જાદવએ ભાગ લીધો હતો. જેમાં તેણે સ્ત્રી સશકિતકરણ અને તેના અધિકારો, સ્વાસ્થ્યનો અધિકાર કે જેમાં યોગ્ય દવા, શુધ્ધ આહાર મેળવવાનો અધિકાર,

Reproductive health rights, Right to get protection against violence, gender and micro finance etc.



Organisation organised training for staff member for Development Capacity Building. When we are doing review of training we have been discussing for two things one is personality development for this one can have to develop positive thinking if they have positive thinking then he get success. Another is personal development for this discussion was done on duty, work, habits etc. in detail.



*Team Meeting*

From March 2010 to April 2011 we have organized total 7 meetings, here is its evaluation. The main objective of the staff meeting is to discuss previous month's activities done by staff and next month's planning in respective it.

Organisation can know the progress of the project with their beneficiaries and also know how can get success in same project by organising staff meeting.

નારીવાદી આંદોલન, હિમાયત, પ્રજનન સ્વાસ્થ્ય અધિકાર, હિંસા સામે રક્ષણ મેળવવાનો અધિકાર, જેન્ડર અને માઈક્રોફાયનાન્સ જેવા મુદાઓની સમજણ મેળવી હતી.

સંસ્થા દ્વારા સંસ્થાના કાર્યકરો માટે ડેવલોપમેન્ટ કેપેસીટી બિલ્ડીંગ નામની તાલીમ યોજાઈ હતી. તે તાલીમની સમીક્ષા કરતા તેમા બે બાબતોની ચર્ચા થઈ હતી. તેમાં પહેલી બાબત વ્યકિતત્વ વિકાસ હતી. વ્યકિતત્વનાં વિકાસ માટે હકારાત્મક વિચારો  કેળવવા કારણ કે જો હકારાત્મક  વિચારો હશે તો કાર્યમાં ચોકકસ સફળતા મળશે. તેમજ વ્યકિત વિકાસ માટે પોતાની ફરજો, કામગીરી, ટેવો વગેરે બાબતની વિગતવાર ચર્ચા થઈ. તેના દ્વારા વ્યકિત પોતાના સ્વપ્નનો વિકાસ કઈ રીતે કરી સફળતા મેળવી શકે તે અંગે તાલીમ મળી. આ ઉપરાંત સંસ્થા પોતાના પ્રોજેકટમાં કઈ રીતે સફળતા મેળવી શકે અને દરેક કાર્યકર પોતે જે ક્ષેત્રમાં કામગીરી કરે છે તેમા આવતી મુશ્કેલીઓનો સામનો કરી આગામી આયોજન કઈ રીતે કરી સફળતા મેળવી શકે તે બાબતો અંગે વિગતવાર માર્ગદર્શન મળ્યું.

આ ઉપરાંત સંસ્થામાં સંસ્થાના કાર્યકરો ને યોગ્ય માર્ગદર્શન તેમજ તેના કાર્યનાં અમલીકરણ માટેની તાલીમ મળતી જ રહે છે. સંસ્થા તરફથી દરેક કાર્ય માટે કાર્યકરને મળતુ માર્ગદર્શન પણ એક તાલીમ જ કહી શકાય કારણ કે જો કાર્યકર પાસે પુરતી વિગતો હશે તો જ તે કાર્યમાં સફળતા મેળવી શકે.

**ટીમ મિટીંગ**

માર્ચ ૨૦૧૦થી લઈ ને એપ્રિલ ૨૦૧૧ સુધીમાં ૭ વખત ટીમ મિટીંગ યોજાઈ હતી તે મિટીંગની સમીક્ષા આ મુજબ જોઈ શકાય .

મિટીંગનો મુખ્ય  હેતુ એ રહે કે સંસ્થા દ્વારા  થતી કામગીરીની ચર્ચા થઈ શકે અને આગામી માસ માટેનું આયોજન થઈ શકે. આ ઉપરાંત કામગીરી પૂર્ણ થઈ કે બાકી છે તેની સમિક્ષા કરવામાં આવે છે.

મીટીંગ યોજાવાથી સંસ્થામાં ચાલતા પ્રોજેકટ ની કામગીરી કયા સુધી પહોચી છે તેમજ આ કાર્ય દ્વારા લોકો ને શું ફાયદો થયો અને સંસ્થા શું પોતાના કાર્ય માં સફળતા મેળવી શકી કે કેમ તેની જાણ થાય છે.

Staff member can inform other member if they have any difficulties or success in their work during the month. All are here free to give their opinion for project and detail about benefits to people through their work.

Organisation provided guidance about implementation of activities by taking opinion from field staff and staff who are working in same field. Organisation also provided guidance that how can get opinion from all the beneficiaries for our work. Through organisation guidance all the staff members get success in their work because through this information their work becomes easier than before.

**Natural Resources Management**

*Resource Organization*

Organization joined as Resource Organisation in Vaniki Vikas Yojana in Dharampur (Dist. Valasad) from 1st August 2009. We are working there for formation and registration of local organisation.

We are working for preservation of environment through employment in Self Help Groups and in organisation

કાર્યકર્તા પોતાના કાર્યમાં કોઈ મુશ્કેલી આવી હોય તો તે મીટીંગમાં સંસ્થાને જાણ કરી શકે છે. સંસ્થાના દરેક સંભ્યો પોતાના મંતવ્યો મીટીંગમાં રજુ કરી શકે છે. પોતના કાર્ય લોકોને તેના કાર્યથી લોકોને શું ફાયદો થયો તેની વિગતો રજુ કરી શકે છે.

દરેક પ્રવૃતિને કઈ રીતે અમલમાં મુકવી તે માટે સંસ્થા તરફથી જરૂરી માર્ગદર્શન મળી રહે છે સંસ્થા દરેક કાર્યકરને તે જ ક્ષેત્રમાં કામ કરતા હોય તેમજ તેના કાર્ય માટેના મંતવ્યો હોય છે તેને કેવી રીતે લોકો સમક્ષ મુકવા તેમજ પોતાના કાર્યક્ષેત્રમાં દરેક વ્યકિતના મંતવ્યને લઈને કાર્ય ને સરળ બનાવવું તે તમામ વિશે સંસ્થાના માર્ગદર્શન આપે છે દરેક વ્યકિત સંસ્થાના માર્ગદર્શનને કારણે જ પોતાના કાર્યને સફળ બનાવી શકે છે અને આ જાણકારીને કારણે તેનું કાર્ય લગભગ સરળ બની જાય છે.

**<u>કુદરતી સંશાધનોની જાળવણી</u>**

**રીસોર્સ ઓર્ગનાઈઝેશન**

૧/૮/૨૦૦૯થી વાનીકી વિકાસ યોજનાનાં રીસોર્સ ઓર્ગાનાઈઝેશન તરીકે સંસ્થા ધરમપુર(જી.વલસાડ)માં જોડાઈ છે. જેમાં વર્ષ ૨૦૦૯–૧૦માં સ્થાનિક સંગઠનોની રચના અને નોંધણીની કામગીરી કરવામાં આવી હતી.

આ સંગઠનો ઉપરાંત ઉભા થયેલ સ્વ સહાય જુથો જેવા નાના સમુહોમાં કરવાની થતી કામગીરીઓ ખાસ કરીને પર્યાવરણની જાળવણી સાથે પોતાની રોજગારી મેળવવાની બાબતોનો સમાવેશ થતો હતો. સંસ્થા કુલ ૨૮ ગામોમાં કામગીરી કરે છે. આ ૨૮ ગામોમાં ત્રણ રેંજમાં



which are established. Organisations working in 28 villages those are separated in three different ranges. 14 villages from Dharampur range named Barumal, Tamchadi, Sidumber, Dhamani, Panva, Chichozar, Malanpada, Luheri, Baroliya, Zariya, Kelavani, Avadha, Khatana and Moti Dholdungari, Pangarbari, 13 villages from Pangarbari range named Aboshi Bhavthan, Moti kosbadi, Madhuri, Satvankal, Khapatiya, Tutarkhed, Paikhad, Pindval, Samarsingi, Singarmal, Piprol and Khoba. Gadi from Hanmantmal. Activities done in these 26 villages are as under JFMC Committee, PRA, Microplan, Bank Account, Agreement letter, Authority letter, baseline survey for family and forest and joining of members in committee.

With all these work we are tried to save forest. Organisation also given employments training to divert the persons in other employment who are ruin the forest for employment. Thus this is our main program and through it we are trying to preserve natural resources.

વહેચાયેલ છે. જેમાં ધરમપુર રેંજના ૧૪ ગામો, બરૂમાળ, તામછડી, સીંદુમ્બર, ધામણી, પાનવા, ચીચોઝર, માલનપાડા, લુહેરી, બરોલીયા, ઝરીયા, કેળવણી, અવધા, ખટાણા, મોટી ઢોલડુંગરી. પંગારબારી રેંજના ૧૩ ગામ આબોસી – ભવઠાણ, મોટીકોસબાડી, મધુરી, સાતવાંકલ, ખપાટીયા, તુતરખેડ, પૈખડ, પીડવળ, સામરસીંગી, સીંગારમાળ, પીપરોળ, ખોબા, હનમંતમાળ રેંજનું ૧ ગામ ગડી.

ઉપરોક્ત ૨૬ ગામોમાં જે.એફ.એમ.સી કમિટી, પી.આર.એ, માઈક્રોપ્લાન, બેંક એકાઉન્ટ, કરારખત, અધિકાર પત્ર, બેઈઝલાઈન સર્વે કુંટુંબ અને ફોરેસ્ટનો તેમજ સભાસદોની રચના તે તમામ કામગીરી પુર્ણ થયેલ છે.

આ તમામ કામગીરીના આધારે સંસ્થાએ જંગલનો વિનાશ થતો અટકાવવાના પ્રયત્ન કર્યા છે. અને જંગલનો વિનાશ કરી રોજગારી મેળવતા લોકોને તેઓ બીજા ક્ષેત્રમાંથી રોજગારી મેળવી શકે તેવી રોજગાર લક્ષી તાલીમ પણ આપે છે. આમ કુદરતી સંશોધનની જાળવણી માટેનો આ અમારો મુખ્ય પ્રયત્ન બની રહયો છે.



### Success factors

*Our success factors lies in our approach*

- We believe in teamwork and have worked with other organization of Gujarat training, consultancy and more. This has helped maximize the impact.
- We achieved all these with the staff size of 20 both paid staff and volunteers.
- Our learning is put back into system through knowledge management and reuse.
- Our energetic and hardworking full time staff.

## Resource of Donors

### Individual donors

Hariraj Charitable Trust has always relied more on donations due to word of mouth of the work we do. Hence individual donors play a very big part in giving us support. We value the contributions that people from all walks of life have provided to us. We request all of you to join us and contribute for society. We are thankful to

Mr. Dhirubhai Vagadia
Mr. Aniruddh Mori
Mr. Hardik Vagadia
Ms. Trupti Vagh
for their contributions.

### Other grant making institution

We are also thankful to those agencies that pay attention toward our area and provided financial support for that.
NABARD, Forest Department (Govt. of Gujarat) etc.

### Volunteer Support

None of the work at Hariraj Charitable Trust would be possible without the support of volunteers. We plan to take the help of our volunteers. As a first step for volunteers to stay connected with us, we have met them regularly.

### Working area

Hariraj Charitable Trust has been working in Gujarat state particularly focus on Khambha (Amreli) and Dharampur (Valsad). This organization is also joined with Gujarat's other organization.

### Visitors

1. K. R. Salve AGM, NABARD, Amreli.
2. Bank Manager SBI-Khambha
3. Bank Manager AJMSB-Khambha
4. Bank Manager AJMSB-Khadadhar
5. Bank Manager Saurashtra Gramin Bank- Barman
6. Bank Manager ARDB- Khambha
7. Bank Manager SBI-Dedan
8. Bank Manager SBI- Khadadhar
9. Bank Manager Lead Bank-Amreli.

### Our Collaboration

Industries department, Archeology Department, Pravah, NABARD, Action Aid, Shikshan Ane Samaj Kalyan Kendra, Amreli Jilla Mahila Audhyogik Sahkari Mandali Ltd, Avirat Agro Producer Company Ltd, Forest department, Mahila Swaraj Abhiyan, Pratham, Dhruva Baif, Navjivan, Lokseva Trust, Anarde foundation, Village organisation of Dharampur etc.

**Credibility Alliance Norms**

Hariraj Charitable Trust was founded in 1993 by Nayanbhai Gandhi. Hariraj Charitable Trust is a registered charitable trust under the Bombay public trust act 1950 (Registration No. E/638/Amreli). Trust deed and audit report of the trust are available in any time on demand.

**Vision :**

To create the community awaked about income generation including, education, environment & health

**Mission :**

To work for education and health care among society with environment preservation, income generation and agriculture development.

**Objectives :**

- To be helpful for educational development to the students of backward classes and to increase literacy by training program.
- Steps to control diseases in rural areas with organizing various health program and provide better services to the people.
- To avoid superstitions from rural areas and try to generate self employment activities for them.
- Save and preserve environment through providing livelihood option.
- Work for rural development through innovation in agriculture method.
- Work for disaster preparedness and do reliefs work during disaster.

**Governance**

Minutes of Board Meeting are documented and circulated. The Board of Hariraj Charitable Trust met 2 times in financial year 2010-11 on 18th Oct 10, 27 Mar 2011, we followed Board rotation policy. Board approves programs, annual activity report, Annual Budget and audited financial statements and takes decision on the important matters of the activities.

**Responsibility and Transparency**

Hariraj Charitable Trust has not paid any remuneration to any Board Member to attend board meeting. Organisation does not pay any travelling to the board members.

**Staff Remuneration in Rupees**

| Salary | Male | Female |
|---|---|---|
| 5000 | 5 | 11 |
| 5000 to 10000 | 3 | 1 |
| More than 10000 | 0 | 0 |
| Unpaid volunteers | 0 | 0 |

All Board Members are Volunteers but they are not included in the details above

**Minimum and Maximum Salary in Rs.**

| Details | Yearly |
|---|---|
| Head of the organization | Rs. 00.00 |
| Highest paid | Rs. 56000 |
| Lowest paid | Rs. 8000 |

- Full time staff 17
- Part time staff 03

- No expense has made for the abroad visit.
- Total national travel paid to staff was Rs. 185253

**Name and address of the Bank**

- UCO Bank, Tower road, Amreli 365601
- State Bank of India, Library road, Amreli - 365601

**Name and address of Auditor**

M/s. A. B. Kothiya & Co.,
Chartered Accountants,
Opp. Library, Amreli-365601.



**Name and Designation of Executive members (Dt. 31st March 2011)**

| Name | Age | Sex | Position in Board | Competency | Meeting attended |
|---|---|---|---|---|---|
| D. V. Vagadia | 50 | M | Director | Expertise in training | 2/2 |
| Kanchan Vagadia | 42 | F | President | Expertise in HRM, Management | 2/2 |
| Suresh Gohil | 50 | M | Secretary | Management | 2/2 |
| Pushpaben Patel | 30 | F | Trustee | House wife | 2/2 |
| Hardik Vagadia | 25 | M | Trustee | Expertise in Finance and investment | 2/2 |
| Kavita Kathiriya | 28 | F | Trustee | Advocate | 2/2 |



**Our Team 2010  2011**

**Hariraj Charitable Trust has an efficient qualified and experienced team of 20 members in the field and office during the year 2010.11**

| Sr. No. | Name | Gen der | Position | Length of service | Full/Part time | Voluntary /Paid |
|---|---|---|---|---|---|---|
| 1 | Dharmendra Mehta | M | A. O. | 9 Years | Part Time | Paid |
| 2 | Hetal Vekaria | F | Accountant | 4 Years | Part Time | Paid |
| 3 | Padamaben Dave | F | Teacher | 7 Years | Full time | Paid |
| 4 | Seminaben Mirza | F | Teacher | 12 Years | Full time | Paid |
| 5 | Hina Patel | F | Co. mobilizer | 2 Years | Full time | Paid |
| 6 | Ketan Ahir | F | Team leader | 4 Years | Full time | Paid |
| 7 | Nimisha Patel | F | Gender expert | 3 Years | Full time | Paid |
| 8 | Rakesh Patel | F | Co. mobilizer | 3 Years | Full time | Paid |
| 9 | Anita Bhisal | F | Co. mobilizer | 5 Years | Full time | Paid |
| 10 | Kavita Gamit | M | Co. mobilizer | 3 Years | Full time | Paid |
| 11 | Kalpesh Jadav | M | Co. mobilizer | 4 Years | Full time | Paid |
| 12 | Kiran Tandel | M | Co. mobilizer | 2 Years | Full time | Paid |
| 13 | Pooja Upadhayay | F | Team leader | 4 Years | Full time | Paid |
| 14 | Bhavini Patel | F | Co. mobilizer | 4 Years | Full time | Paid |
| 15 | Daya Jadav | F | Coordinator | 2 Years | Full time | Paid |
| 16 | Minaxi Der | M | Co. mobilizer | 2 Years | Full time | Paid |
| 17 | Nilesh Gavit | M | Co. mobilizer | 3 Years | Full time | Paid |
| 18 | Hemlata Vagh | F | Docu. Officer | 1 Years | Full time | Paid |
| 19 | B. J. Vala | M | Docu. Officer | 3 Years | Part time | Paid |
| 20 | Vanraj Dangar | M | Team leader | 2 Years | Full time | Paid |

## Financial Statement As on 31-3-'11

### Receipt & payment account for the year ended 31/3/2011

| Receipt | Rs. | Payment | Rs. |
|---|---|---|---|
| Opening Cash / Cheque in hand | 19216 | Loans(Liability) | 80485 |
| Opening Bank Account | 125976 | Staff saving Contribution | 58710 |
| Staff saving Contribution | 55494 | Sundry Creditors | 55323 |
| Corpus Donation | 18000 | Security Deposits | 1751 |
| Sundry Creditors | 55323 | Dues & Subscriptions | 6274 |
| Insurance | 3176 | Honorarium | 92300 |
| Donation Income | 2000 | Insurance | 3176 |
| Grant | 1045264 | Occupancy Cost / Utilities | 17655 |
| Other Income | 99000 | Professional Services | 3282 |
| Interest | 1128 | Project Expense | 900313 |
| General Fund | 62821 | Repairs & Maintenance | 11874 |
| | | Stationary & Printing | 1806 |
| | | Telephone & Other com. | 12287 |
| | | Travel & Entertainment | 500 |
| | | Lavajam for Newspaper | 1100 |
| | | Other Exp. | 220 |
| | | Fix Assets | 53588 |
| | | Documentation | 3300 |
| | | Closing cash/cheque in hand | 165997 |
| | | Closing bank accounts | 17457 |
| | | | |
| **Total** | **14,87,398.00** | **Total** | **14,87,398.00** |

### Abridged Income and Expenditure

| *Expenditure* | *2010* | *2011* | *Income* | *2010* | *2011* |
|---|---|---|---|---|---|
| Administrative Exp. | 131215 | 147316 | Project Grant | 721200 | 1045264 |
| Professional Services | 4580 | 3282 | Interest Income | 404 | 1128 |
| Project exp. | 556682 | 900313 | Other Income | 258280 | 99000 |
| Depreciation | 162870 | 154618 | General Fund | 00 | 62821 |
| Excess of income over exp. | 124537 | 4684 | Donation | 00 | 2000 |
| **Total** | **979884** | **1210213** | **Total** | **979884** | **1210213** |

### Abridged Balance Sheet

| *Funds & Liabilities* | *2010* | *2011* | *Assets* | *2010* | *2011* |
|---|---|---|---|---|---|
| Trust Fund / Corpus | 750500 | 768500 | Fix assets | 1395526 | 1294496 |
| Secu /Unsecured loans | 724646 | 644161 | Loans Advances | 147443 | 147443 |
| Current liabilities | 28282 | 25066 | Deposits (Assets) | 00 | 1751 |
| Income & Expenditure | 184733 | 189417 | Current assets | 145192 | 183454 |
| **Total** | **1688161** | **1627144** | **Total** | **1688161** | **1627144** |

**All accounts of organization are constructed on CASH basis.**



## Programs
## કાર્યક્રમો

- General Health Awareness
  આરોગ્ય અંગે જાગૃતતા
- Primary Education and child right
  પ્રાથમિક શિક્ષણ અને બાળઅધિકાર
- Generate self-employment and micro finance
  સ્વરોજગારી અને લઘુ ધિરાણ
- Training for skill development
  કૌશલ્ય વિકાસ માટે તાલીમ
- Natural Resources Management
  કુદરતી સંશાધનોની જાળવણી

**Hariraj Charitable Trust**
*Head Office :* 26-Omnagar(3), Behind GIDC,
Hanumanpara Road, Amreli - 365 601
Tel/Fax: 91+2792-223525
Email : harirajamreli@gmail.com

*Field Office :* C/o. Avirat, Opp. Kumarshala,
Chalala Road, Khambha - 365 650
Tel : 91+2797-260079

*Field Office :* 2nd floor of Pashuahar Dukan,
Nr. Dena Bank, Samadi Chauk, Dharampur - 396 050
Tel : 91+2633-242601
Email : harirajvvy@gmail.com